**નવસારીમાં જમીન ગળી ગઈ! ગટર લાઇન તૂટતા રસ્તા પર મોટો ભૂવો, બેરિકેટ પણ સમાઈ ગયું**

# આ ભૂવો નહીં, તંત્રની બેદરકારી છે



**દશેરા** ટેકરી વિસ્તારમાં સરસ્વતી મંદિર સામે અચાનક જમીન ધસી પડી

**જૂની** ગટર લાઇનના પાઇપ તૂટી જતા જમીન અંદરથી ખોખલી બની ગઈ અને રસ્તો ગળી ગયો

**30** વર્ષ જૂની આ ગટર લાઇનમાં છેલ્લા કેટલાક સમયથી સમસ્યાઓ : સ્થાનિકો

નવસારીઃ નવસારીના દશેરા ટેકરી વિસ્તારમાં સરસ્વતી મંદિર સામે સોમવારની રાત્રે અચાનક જમીન ધસી પડતાં મોટો ભૂવો સર્જાયો હતો, જેના કારણે વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે જૂની ગટર લાઈનના પાઈપ તૂટી જતા જમીન અંદરથી ખોખલી બની ગઈ હતી અને અંતે રસ્તો ગળી ગયો હતો.

આ ઘટના બાદ મહાનગરપાલિકાએ તાત્કાલિક સુરક્ષાના પગલાં તરીકે બેરિકેટ મૂક્યું હતું, પરંતુ ચોંકાવનારી બાબત એ રહી કે તે બેરિકેટ પણ ભૂવામાં ધસી પડ્યું, જેના કારણે પરિસ્થિતિની ગંભીરતા વધુ સ્પષ્ટ થઈ છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આશરે 30 વર્ષ જૂની આ ગટર લાઈનમાં છેલ્લા કેટલાક સમયથી સમસ્યાઓ ચાલી રહી હતી. બે મહિના પહેલાં લાઈન બંધ થતાં ગંદા પાણીનો નિકાલ નજીકની વરસાદી ગટરમાં કરવામાં આવતો હતો, જેના કારણે જમીન ધીમે ધીમે નબળી પડી ગઈ હતી.

ઘટનાની જાણ થતા સ્થાનિકોએ તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. આ વિસ્તાર વ્યસ્ત માર્ગ નજીક હોવાના કારણે લોકોમાં અકસ્માતની ભીતિ વધી છે અને તાત્કાલિક મરામતની માંગ ઉઠી છે.

સ્થાનિક રહેવાસીઓએ મહાનગરપાલિકાને કડક શબ્દોમાં અપીલ કરી છે કે આ માત્ર એક ભૂવો નહીં, પરંતુ તંત્રની બેદરકારીનું પરિણામ છે. હવે જોવાનું રહ્યું કે તંત્ર આ ગંભીર સમસ્યાનો કેટલો ઝડપી અને કાયમી ઉકેલ લાવે છે.

# નવસારી મનપાની ચૂંટણી માટે ભાજપની ટિકિટ પ્રક્રિયાની જાહેરાત

**દાવેદારોમાં** ઉત્સાહ, સ્પર્ધા વચ્ચે સંતુલિત પસંદગી પાર્ટી માટે પડકાર

**તારીખ** ૧ અને ૨ એપ્રિલે વિવિધ મંડળો અને તાલુકાઓમાં નિરીક્ષકોની હાજરીમાં કાર્યકરો દાવેદારી રજૂ કરશે

નવસારી : નવસારી મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા ટિકિટ માટેની પ્રક્રિયા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. જિલ્લા કચેરીના પરિપત્ર મુજબ ૧ અને ૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ વિવિધ મંડળો અને તાલુકાઓમાં નિરીક્ષકોની હાજરીમાં કાર્યકરોને પોતાની દાવેદારી રજૂ કરવાની તક આપવામાં આવશે. નવસારી વિજલપુર શહેર, નવસારી તાલુકા, જલાલપોર, ગણદેવી, ચીખલી, ખેરગામ અને વાંસદા સહિતના વિસ્તારોમાં નિર્ધારિત સમય મુજબ બેઠક યોજાશે. શહેર માટે શ્રી સિંધુ સાંસ્કૃતિક ભવન ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાનાર હોવાથી અહીં ખાસ રસ જોવા મળી રહ્યો છે.

આ પ્રક્રિયા અંતર્ગત ટિકિટ ઈચ્છુક કાર્યકરો પોતાના કામ, જનસંપર્ક અને જીતવાની ક્ષમતાના આધારે પોતાની દાવેદારી મજબૂત રીતે રજૂ કરશે. અનેક વિસ્તારોમાં એક જ ટિકિટ માટે એકથી વધુ દાવેદારો આગળ આવતા સ્વાભાવિક રીતે સ્પર્ધા જોવા મળી રહી છે. યુવા કાર્યકરો સાથે અનુભવી નેતાઓ પણ સક્રિય બનતા પાર્ટીમાં સકારાત્મક ચહલપહલ વધી છે.

પાર્ટી માટે હવે સૌથી મહત્વપૂર્ણ કામ યોગ્ય અને જીતાડી શકે એવા ઉમેદવારોની પસંદગી કરવાનો રહેશે. સાથે સાથે દરેક વર્ગને યોગ્ય પ્રતિનિધિત્વ મળે અને કોઈ અસંતોષ ઊભો ન થાય તે પણ ધ્યાનમાં લેવું પડશે.

આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભાજપ દ્વારા ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે. હવે રાજકીય વર્તુળોમાં સૌની નજર આ પર છે કે આ દાવેદારીમાંથી કોને તક મળશે અને કોણ બહાર રહેશે, કારણ કે આ નિર્ણય જ આવનારી ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ કરશે.

# મિત્રની બર્થ ડેની ઉજવણીમાં ચાલુ કારે ફટાકડા ફોડાયા

**રાજસ્થાનથી** આવેલા મિત્ર સામે હોંશિયારી મારતાં વલસાડ પોલીસની કાર્યવાહી




વલસાડ : રાજસ્થાનથી આવેલા મિત્રની બર્થડેની ઉજવણીમાં ચાલુ કારે ફટાકડા ફોડી તેનો વિડીયો બનાવવો વલસાડના મિત્રોને ભારે પડ્યો હતો. તેમનો આ વિડીયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો હતો. જેના પગલે વલસાડ રૂરલ પોલીસે તેમને શોધી તેમની વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની વ્યાપક ચર્ચા ચાલી રહી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડના નિશાંત શુક્લા, આદર્શ દુબે અને સૌરભસિંગ રાજપૂત તેમના રાજસ્થાનથી આવેલા ઉમેશ કુમાવત નામના મિત્રની બર્થડેની ઉજવણી કરવા હોંશિયારી મારી હતી. તેમણે તેમની અર્ટીગા કાર (નં. GJ-15-CZ-2746)માં સવાર થઇ ચાલુ કારે ફટાકડા ફોડ્યા હતાં.

તેમણે ગુંદલાવ વિસ્તારમાં આ હરકત કરી તેમજ તેનો વિડીયો પણ બનાવ્યો અને તેને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પર ચઢાવ્યો હતો. જે પોલીસની નજરમાં આવ્યો હતો. જેના પગલે રૂરલ પોલીસે આ ચારેય યુવાનો વિરૂદ્ધ પોલીસ કાર્યવાહી કરી તેમની કાર પણ ડિટેઇન કરી હતી.

# આજે ઉમરગામ UIA ને નવા પ્રમુખ મળી જશે

**બે** ઉમેદવારોના મત એક સરખા થતા ચિઠ્ઠી ઉછાળતા પાતળી સરસાઇ યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમે મેળવી છે

ઉમરગામ : ઉમરગામ UIA ના નવા ચૂંટાયેલા મેમ્બરો બોર્ડ ઓફ ડિરેક્ટરોની આજે 1 (ફર્સ્ટ)એપ્રિલને બુધવારે સવારે મળશે. જેમાં ચાર્જ સોપવા લેવા તથા નવા પ્રમુખની નિમણૂક કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (UIA) ની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીના જાહેર થયેલા પરિણામો ખૂબ જ ચોકાવનારા આવ્યા હતા. કુલ 15 એક્ઝિક્યુટિવ કમિટીની બેઠકોમાંથી નરેશ બંથિયાની ટીમ સિટીઝનના 7 ઉમેદવારો તથા યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમના 7 ઉમેદવારો ચૂંટાયા હતા. જ્યારે બે ઉમેદવારોના મત એક સરખા થતા નિયમ પ્રમાણે ચિઠ્ઠી ઉછાળતા નીતિન હીરાની યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમના ઉમેદવાર જીતતા યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમ પેનલના 8 ઉમેદવારો ચૂંટાતા બહુમતીની પાતળી સરસાઈ યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમે મેળવી છે. આ ચોકાવનારા પરિણામને લઈને કહી ખુશી કહી ગમનો મોહોલ જોવા મળ્યો હતો. અને પ્રમુખ પદને લઈને ખેંચતાણ થશે અને બંને ટીમ દ્વારા પ્રમુખ પદ મેળવવા દાવેદારી કરવામાં આવશે એવી અટકળો થઈ રહી છે. આજે 1 એપ્રિલ 2026 ના સવારે 11:00 કલાકે નવા ચૂંટાયેલા મેમ્બરો બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીંગ ઈલેક્શન કમિટી દ્વારા બોલાવવામાં આવી છે અને ચાર્જ સોંપવા તથા લેવાની કાર્યવાહી તથા પ્રમુખની વરણીની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. આમ આજે ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન UIA ના પ્રમુખનો તાજ કોના શીરે રહેશે તે સ્પષ્ટ થઈ જશે.

# વાપી મનપાની ચૂંટણી :ભાજપના નિરીક્ષકો આજે દાવેદારોના સેન્સ લેશે

**વાપી** મનપાની પહેલી ચૂંટણીને લઈને 13 વોર્ડ માટે 52 ઉમેદવારની પસંદગી માટે ભાજપની બે દિવસ કવાયત

વાપી : વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીને લઈ ભાજપ દ્વારા તેમના ઉમેદવાર નક્કી કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. પ્રદેશ ભાજપ દ્વારા એક મંત્રી સહિત ત્રણ નિરીક્ષકોને સેન્સ લેવા માટે મોકલશે. આ નિરીક્ષકો બુધવારે સાંજે વાપી શહેર ભાજપ કાર્યાલયમાં ભાજપમાંથી ઉમેદવારી કરવા ઇચ્છુક પક્ષના કાર્યકરોને સાંભળશે. બે દિવસ ચાલનારી સેન્સ લેવાની કાર્યવાહીને લઈને ભાજપમાંથી મહાપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી કરવાની ઇચ્છા રાખનારાઓમાં ચહલપહલ વધી ગઈ છે.

વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણી મે માસના પહેલા સપ્તાહની આસપાસ યોજાવાની સંભાવનાને જોતા રાજકીય પાર્ટીઓએ ઉમેદવારોની પસંદગી કરવા તૈયારીઓ હાથ ધરી છે. વાપી મહાનગપાલિકાની ચૂંટણીમાં 13 વોર્ડ માટે 52 ઉમેદાવારની પસંદગી કરવા નિરીક્ષકો બુધવારે સાંજે પાંચથી સાત દરમિયાન શહેર ભાજપ કાર્યાલયમાં દાવેદારોને સાંભળશે. પહેલા દિવસે વોર્ડ નં. 1થી વોર્ડ નં. 6 સુધીના છ વાર્ડના ઉમેદવારી કરવા ઇચ્છુક દાવેદારોને સાંભળશે. ત્યારબાદ ગુરુવારે સાંજે પાંચથી સાત બે કલાક દરમિયાન વોર્ડ નં. 7થી વોર્ડ નં. 13 સુધીના અન્ય સાત વોર્ડના દાવેદારોને સાંભળશે. આમ હમણાં તો ભાજપ દ્વારા તેના ઉમેદવારોની પસંદગી માટે કવાયત હાથ ધરતા વાપીમાં ભાજપમાંથી ઉમેદવારી કરવા ઇચ્છુક કાર્યકરોમાં ચહલપહલ વધી ગઈ છે.

## વલસાડ જિલ્લા ભાજપ સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આજથી સેન્સ લેશે

વલસાડઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની હજુ સુધી જાહેરાત થઇ નથી. ટૂંક સમયમાં તેની જાહેરાત થઇ શકે છે. ત્યારે એ પહેલાં જ ભાજપે આ ચૂંટણી જંગમાં પોતાના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાની જાહેરાત કરી છે. ભાજપ 1 એપ્રિલના રોજથી આ પ્રક્રિયા આરંભ કરશે. વલસાડમાં ધરમપુર રોડ પર કડવા પાટીદાર સમાજ હોલમાં સવારે 9 કલાકથી આ પ્રક્રિયા શરૂ કરાશે. વલસાડમાં સ્થાનિક સ્વરાજની એટલે કે આગામી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે ભાજપે ઉમેદવાર પસંદગી માટે 1 એપ્રિલને બુધવારે સવારે 9 કલાકે ચૂંટણી જંગમાં લડવા ઇચ્છીત કાર્યકર્તાઓને સેન્સ આપવા બોલાવ્યા છે. જેના કારણે જિલ્લા તાલુકાની ચૂંટણી જંગમાં ઉતરવા આતુર કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો છે. આ પસંદગી માટે ગુજરાત પ્રદેશથી ક્યા નિરિક્ષકો આવશે તેની જાણકારી મળી નથી, પરંતુ તે પહેલાં લોબીંગ શરૂ થઇ ગયું હોવાનું ચર્ચાઇ રહ્યું છે.



# કુંભઘાટ અકસ્માતમાં મોતને ભેટનાર 7 મૃતકોના સ્વજનોને રૂપિયા 28 લાખની સહાય

**મૃતકોના** પરિવારજનોએ મુખ્યમંત્રી, ધારાસભ્ય સહિત કપરાડા વહીવટીતંત્ર અને મીડિયાનો આભાર માન્યો

વલસાડ : કપરાડાના કુંભઘાટ પર 20 ફેબ્રુઆરીએ ટ્રક અને ઈકો વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં કુલ 7 લોકોના મોત થયા હતાં. જેમના પરિવારને ધારાસભ્ય જીતુ ચૌધરીની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી રિલીફ ફંડમાંથી રૂપિયા 4-4 લાખના સહાયના પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં. મૃતકો પૈકી 6 લોકો આંબા જંગલના હતાં. જ્યાંથી કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખ હીરાબેન માહલા આવે છે, મૃતકોને સહાય મળે તે માટે પ્રમુખ દ્વારા ધારાસભ્ય જીતુ ચૌધરીના સહયોગ અને કપરાડા વહીવટીતંત્ર દ્વારા કાગળિયા સરકારના મોકલ્યા બાદ સરકારે મૃતકોને સહાય આપી હતી. ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કલેક્ટર, મામલતદાર, મહેસૂલ વિભાગના અધિકારીઓ, તાલુકા પંચાયત પ્રમુખ હીરા માહલા, આગેવાનોના સહકારથી મૃતકોના પરિવારને સહાય મળી છે. તેમણે પરિવારજનોની સાથે રહેવાની ખાતરી આપી હતી. સાથે મૃતકોના બાળકોને નિવાસી શાળા, મોડલ સ્કૂલ સહિતમાં પ્રવેશ અપાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મૃતકોના સ્વજનો દેવકીબેન કિશનભાઈ ગાંગોડા, દક્ષાબેન શિવરામભાઈ માંગી, કવસીબેન ગણેશભાઈ મિશાળ, જહિરામભાઈ લાહનુભાઈ સાનકરા, જયાબેન વિનોદભાઈ રાઉત અને સુરેખાબેન નરેશભાઈ પવાર સહિતના પરિવારજનોને સહાય આપવામાં આવી છે.

# બે જિલ્લાના લોકોને ચોમાસામાં લાંબો ચકરાવો કાપવો નહીં પડે

**ચરીમાં** બે જિલ્લાને જોડતા માર્ગ સ્થિત ઉખેરીયા ખાડી ઉપર માઇનોર બ્રિજનું ખાતમુહૂર્ત



ઘેજ : ચીખલીના ચરી ગામે બે જિલ્લાને જોડતા માર્ગ સ્થિત ઉખેરીયા ખાડી ઉપર ૩.૧૩ કરોડના ખર્ચે નિર્માણ થનારા માઈનોર બ્રિજનું કેબિનેટ મંત્રી નરેશભાઈના હસ્તે ખાતમુહૂર્ત કરાયુ હતુ. હાલના લો-લેવલ કોઝ-વે પર ચોમાસામાં પાણી ફરી વળતા લોકોને લાંબો ચકરાવો કાપવો પડે છે. માઈનોર બ્રિજના નિર્માણથી ચરી, ઘેજ ઉપરાંત વલસાડ તાલુકા જિલ્લાના તીઘરા, ચોબડીયા સહિતના ગામોને રાહત થશે. ચરીથી વલસાડના ગોરગામ, તીઘરા, ચોબડીયા, અટગામ, ધનોરીને જોડતા માર્ગ સ્થિત ઉખેરીયા ખાડી પર વર્ષો પૂર્વે સયુંક્ત વલસાડ જિલ્લો હતો. તે દરમ્યાન ઘેજ-ભરડાના આગેવાન સ્વ. લખુકાકાના પ્રયત્નથી લો-લેવલ કોઝ-વેનું નિર્માણ કરાયું હતું. આગેવાનોની રજૂઆતને પગલે કેબિનેટ મંત્રી નરેશ પટેલે નવા પુલની મંજૂરી અપાવતા ચરીના સરપંચ કીર્તિબેન પટેલ, ઘેજના રાકેશભાઈ, ચોબડિયાના નયનભાઈ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ડો અમિતાબેન, તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ ધર્મેશભાઈ, પૂર્વ સરપંચ ધનસુખભાઈ, નિલેશભાઈ, વિનોદભાઈ, ભાજપ પ્રમુખ મયંકભાઈ, ચોબડિયાના અગ્રણી મનુભાઈ, બાલુકાકાની ઉપસ્થિતિમાં ભૂદેવના મંત્રોચાર સાથે કેબિનેટ મંત્રી નરેશભાઈના હસ્તે શ્રીફળ વધેરી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. મંત્રીએ જણાવ્યું હતુ કે ૩ .૧૩ કરોડ રૂપિયાના ખર્ચના આ બ્રિજમાં બાર મીટરના ચાર ગાળાની જોગવાઈ છે. પૂર્વ કારોબારી અધ્યક્ષ ધર્મેશભાઈએ તેમના દાદાના પ્રયત્નોથી ઉખેરીયા ખાડી પર લો-લેવલ કોઝ-વેનું નિર્માણ થયું હતું. અને તાલુકા સભ્યના સમય દરમ્યાન બ્રિજને મંજૂરી મળતા તેમણે કેબિનેટ મંત્રી નરેશ પટેલ, ડો.અમીતા પટેલ સહિતનાનો આભાર માન્યો હતો. બ્રિજના બાંધકામની જાણકારી ડેપ્યુટી ઈજનેર ગૌરવ રામાણી, અધિક મદદનીશ ઈજનેર મયુરભાઈએ આપી હતી.

# સાદડવેલમાં ઘુવડ સાથે ચાર ઝડપાયા

**ઘુવડનો** સોદો લાખો રૂપિયામાં થતો હોય રૂપિયાની લાલચ સહિતની તાંત્રિક વિધિઓમાં ઉપયોગ કરાય છે

ઘેજ : ચીખલી તાલુકાના સાદડવેલ વિસ્તારમાંથી પોલીસે એક ઘુવડ સાથે ચારને ઝડપી પાડી વન વિભાગને કબજો સોંપવાની તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ તાલુકાના સાદડવેલ વિસ્તારમાં ઘુવડના વેચાણ અને ખરીદી કરવા માટે કેટલાક વ્યક્તિઓ આવ્યા હતા અને એક ચોક્કસ રકમ નક્કી કરી સોદો પાર પડાયો હતો. આ દરમ્યાન પોલીસ આવી પહોંચી ઘુવડ સાથે કેટલાક વ્યક્તિઓને દબોચી લઈ વન વિભાગને જાણ કરી તેઓને રાનકુવા પોલીસ ચોકીએ કબજો સોંપવાની તજવીજ હાથ ધરી હોવાનુ જાણવા મળ્યુ હતુ.

જો કે આ અંગે આ લખાય ત્યાં સુધીમાં કોઈ ગુનો નોંધાયો ન હતો. જેથી ઘુવડના આ ગેરકાયદે કારભારમાં કોની કોની સામેલગીરી છે અને ઘુવડ ક્યાંથી પકડવામાં આવ્યું હતુ તે જાણી શકાયુ ન હતુ. ઉપરાંત ઘુવડ ઈજાગ્રસ્ત કે જીવિત છે કે કેમ તે પણ તપાસનો વિષય છે.

અનુસૂચિ એકમાં પ્રતિબંધિત પક્ષીમાં આવતા ઘુવડનો સોદો લાખો રૂપિયામાં થતો હોય રૂપિયાની લાલચમાં ઘુવડને પકડી તેનો રૂપિયા પડાવવા સહિતની ઘણી તાંત્રિક વિધિઓમાં કરાતો હોય છે ત્યારે વન વિભાગ દ્વારા આવા લોકોને ડામવા કડકાઈ દાખવી કાયદેસરની કાર્યવાહી કરે તે જરૂરી છે.

# ખેરગામમાં જાહેરનામાનો ભંગ કરનારા સામે કાર્યવાહી

ખેરગામ : ખેરગામ પોલીસને ચેકિંગ દરમિયાન દુકાનોમાં CCTV કેમેરા દેખાયા ન હતા. જેમાં રૂઝવણીમાં ખાખરા શ્યામ કિરાણા સ્ટોરના માલિક રામચંદ્ર કુમાવતે CCTV કેમેરા લગાવ્યા ન હતા. આછવણીમા પ્રિય ચાયનીઝ દુકાનમાં માલિક નિલેશ ગાંવિતે CCTV સુવિધા રાખી ન હતી. જ્યારે આછવણી ગામમાં દેવનારાયણ કિરાણા સ્ટોરમાં CCTV કેમેરા બંધ મળતા માલિક પન્નાલાલ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**ભેસ્તાન શાખા :** દુકાન નં.૧ થી ૩, સાંઈ સ્કવેર બિલ્ડીંગ, ઉધના નવસારી રોડ, ભેસ્તાન, સુરત –૩૯૫૦૨૩ ફોન નં.– ૦૨૬૧– ૨૮૯૦૧૩૮ Email : dbbhes@bankofbaroda.com

**કબજા નોટીસ(સ્થાયી મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨]ના[રૂલ ૮(૧) હેઠળ]**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડાના** અધિકૃત અધિકારીએ સિકયુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વચાંણે લઈ હેઠળ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૫.૧૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી અમોલ સંતોષ ઘોરપડે (દેવાદાર અને ગીરવેદાર), શ્રી સંતોષ હિમ્મતરાવ ઘોરપડે (સહદેવાદાર અને ગીરવેદાર), શ્રીમતી સુનીતા સંતોષ ઘોરપડે (સહદેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૬,૩૭,૬૦૬.૦૮ (રૂપિયા સોળ લાખ સાડત્રીસ હજાર છસો છ અને આઠ પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ ૪ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા. ૨૬મી માર્ચ ૨૦૨૬** ના રોજ આ મિલકતનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૬,૩૭,૬૦૬.૦૮/–** વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી દેવદર્શન રેસીડન્સી તરીકે ઓળખાતી બિલ્ડીંગ નં. બી–૧ ના ૧લા માળનો ફ્લેટ નં. ૧૦૪ માપ ૭૦૦.૧૯૮ ચો.ફુટ એટલે ૬૫.૦૫ ચો.મી બિલ્ટઅપ એરીયા ૬૫૧.૦૦૬ ચો.ફુટ એટલે ૬૦.૪૮ ચો.મી કારપેટ એરીયા ના વણવહેચાયેલ હિસ્સા ની તમામ પ્રકાર ની જમીન નો રેવન્યુ સર્વે નં. ૨૯૨ અને ૨૯૩, બ્લોક નં. ૨૮૩/એ માપ ૬૪૫૪ ચો.મીટર, ટી.પી સ્કીમ નં. ૬૨ (ડિંડોલી–ભેસ્તાન–ભેડવાડ) ફાઈનલ પ્લોટ નં. ૮૮ માપ ૪૧૯૫ ચો.મી મોજે ગામ. ડિંડોલી સબડિસ્ટ્રીકટ. ઉધના, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** દસ્તાવેજ મુજબ બ્લોક નં. ૧૧૫, સાઈટ મુજબ બિલ્ડીંગ નં. એન, **પશ્ચિમ તરફ :** દસ્તાવેજ મુજબ રોડ, સાઈટ મુજબ ઓટીએસ, **ઉત્તર તરફ :** દસ્તાવેજ મુજબ રેલ્વે લાઈન, સાઈટ મુજબ રોડ/બિલ્ડીંગ જે, **દક્ષિણ તરફ :** દસ્તાવેજ મુજબ રોડ, સાઈટ મુજબ પેસેજ/ફ્લેટ નં. ૧૦ આવેલ છે.

તા. ૨૬/૦૩/૨૦૨૬, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,ભેસ્તાન શાખા.

**સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા सेन्ट्रल बैंक ओफ इंडिया CENTRAL BANK OF INDIA**

**વાવ શાખા : પટેલ ફળીયા, મું અને પોસ્ટ - વાવ, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત, ગુજરાત.**

**પરિશિષ્ટ-૪ (નિયમ-૮(૧))** **પઝેશન નોટીસ** **(સ્થાવર મિલકત માટે)**

આથી, **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, વાવ શાખા, સુરત** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એક્ટ) ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત ડીમાન્ડ નોટીસ તા. **૦૧/૦૮/૨૦૧૯** ના રોજ ઉધારકર્તા / મોર્ગેજર / જામીનદાર **શ્રી પોપટભાઈ ગોપાલભાઈ સોલંકી, શ્રીમતી કુસુમબેન પોપટભાઈ સોલંકી અને શ્રી રાજુભાઈ હેદુભાઈ પાનપાટીલ** ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ **રૂા. ૪,૭૬,૬૩૯/- (રૂા. ચાર લાખ છોત્તેર હજાર છસ્સો ઓગણચાલીસ પુરા)**, સાથે ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તા / જામીનદાર ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ અને ૯ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૨૮.૦૩.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા / જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, વાવ શાખા, સુરત** ની રકમ **રૂા. ૪,૭૬,૬૩૯/- (રૂા. ચાર લાખ છોત્તેર હજાર છસ્સો ઓગણચાલીસ પુરા)**, વત્તા તા. ૦૧.૦૮.૨૦૧૯ ના રોજ થી વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજાને આધીન રહેશે. (કલમ ૧૩(૨) હેઠળની ડીમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમની ઈફેક્ટ આપેલ છે)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એકટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલ્કતનું વર્ણન**

શ્રી પોપટભાઈ ગોપાલભાઈ સોલંકી ના નામની તમામ ભાગ અને હિસ્સા સ્થાવર મિલકત, જે સ્થિત પ્લોટ નં. બી-૩૮૧, ક્ષેત્રફળ ૪૦.૨૦ સ્કે.મી., શ્રીજી રો હાઉસ, તમામ સુવિધાઓ સાથે, જમીનનો આર.એસ. નં. ૧, બ્લોક નં. ૧ અને આર.એસ. નં. ૩૦ અને ૩૩, બ્લોક નં. ૪૮, જે સ્થિત ગામ - વાવ, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત. **ચતુઃસીમા :- પૂર્વે :** પ્લોટ નં. બી-૩૯૬, **પશ્ચિમે :** રોડ, **ઉત્તરે :** પ્લોટ નં. બી-૩૮૦, **દક્ષિણે :** પ્લોટ નં. બી-૩૮૨.

**તારીખ : ૨૮.૦૩.૨૦૨૬** **સ્થળ : સુરત** — **અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

**Muthoot Homefin** **મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

**કબજા નોટિસ** (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)

આથી અધોહસ્તાક્ષરકર્તા 'સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002' હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વંચાતા સેક્શન 13(2) હેઠળ મળેલી સત્તાની રૂએ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી હોવાથી કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ લેણદાર(ઓ)/ જામીનદાર(ઓ)ને ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. લેણદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી લેણદાર(ઓ)/ સહ-લેણદાર(ઓ)/ જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ ઉક્ત અધિનિયમની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે, જે ઉક્ત નિયમોના નિયમ 8 સાથે વંચાતી કલમો હેઠળ છે. ખાસ કરીને લેણદાર અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડની નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજ હેઠળ રહેશે. લેણદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એક્ટની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| ક્રમ | લેણદાર(ઓ)/ સહ-લેણદાર(ઓ) ના નામ/ લોન એકાઉન્ટ નં./ શાખા | સુરક્ષિત અસ્કયામતોની ટૂંકી વિગતો | ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી રકમ (રૂ.) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | અશોક ચૌથારામ કનવા/ રામનિવાસ ચૌથારામ કનવા/ ચૌથારામ રામનિવાસ કનવા/ 004-00000365/ સુરત | સ્થાવર મિલકત, પ્લોટ નં. 38ની પ્રીમાઈસીસ સાઇટ મુજબ માપ 12 ફૂટ x 41 ફૂટ, રેવન્યુ રેકોર્ડ 7/12 મુજબ માપ 45.75 ચો.મી., રોડ અને COP માં અવિભાજિત હિસ્સા સાથે, "મહાદેવ વિલા" જે રાજ્યઃ ગુજરાત, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકોઃ પલસાણા, મોજેઃ તાતીથૈયા, બ્લોક નં. 319 રહેણાંક બિનખેતી (NA) જમીન પૈકી પર વિકસિત છે. | 18-08-2025/ રૂ. 10,72,235/- અંકે રૂપિયા દસ લાખ બોતેર હજાર બસો પાંત્રીસ પૂરા. | 26.03. 2026 |
| 2. | સુરેશભાઈ મનુભાઈ પટેલ/ રેખાબેન સુરેશભાઈ પટેલ/ 004-00402163/ સુરત | પ્લોટ નં. 274, ડિવાઈન રેસિડેન્સી- 2, ઉત્તીચાદરા રોડ, ડિવાઈન સ્કૂલ પાસે, હથુરણ, માંગરોળ, સુરત- 394125 ચતુર્થ સીમાઃ ઉત્તર- અડીને પ્લોટ નં. 275, દક્ષિણ- સોસાયટીનો રોડ, પૂર્વ- સોસાયટીનો રોડ, પશ્ચિમ- અડીને બ્લોક. | 23-09-2025/ રૂ. 5,25,444/- અંકે રૂપિયા પાંચ લાખ પચ્ચીસ હજાર ચારસો ચુંમાલીસ પૂરા. | 26.03. 2026 |
| 3. | જશુબેન રજનીકાંત પરમાર/ મયુરભાઈ રજનીકાંત પરમાર/ 004-00402020/ સુરત | સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને ભાગ પ્લોટ નં. 200 માપ 53.38 ચો.વાર એટલે કે 44.65 ચો.મી., "વિશ્વાસ રેસિડેન્સી" માં રોડ અને COP ની જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે, જે બ્લોક નં. 322 માપ 34366 ચો.મી., મોજે ગામ કુવરદા, તાઃ માંગરોળ, જિઃ સુરત ખાતે આવેલ છે. ઉત્તરે પ્લોટ નં. 199, દક્ષિણે રોડઃ પ્લોટ નં. 201, પૂર્વેઃ રોડ, પશ્ચિમેઃ પ્લોટ નં. 255. | 25-10-2025/ રૂ. 4,29,264/- અંકે રૂપિયા ચાર લાખ ઓગણત્રીસ હજાર બસો ચોસઠ પૂરા. | 26.03. 2026 |

તારીખઃ 01 એપ્રિલ, 2026, સ્થળઃ સુરત — સહી/-અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

**વાપી મનપામાં બે દિવસમાં રૂપિયા 1.44 કરોડ ટેક્સ ભરાયો, મિલકતધારકોનો ધસારો**

# મનપાની તિજોરી બે દિવસમાં છલકાઈ

**ગત** વર્ષ કરતાં રૂપિયા7.42 કરોડની ટેક્સની વધુ વસૂલાત કુલ રૂપિયા 44.28 કરોડનો ટેક્સ ભરાયો



વાપી : વાપી મહાનગરપાલિકામાં છેલ્લા 2 દિવસમાં મનપાની કચેરીએ મિલકતધારકોએ ધસારો કરીને માત્ર છેલ્લા બે દિવસમાં 2066 મિલકત ધારકોએ રૂપિયા 1.44 કરોડનો ટેક્સ ભરી દેતા મનપાની તિજોરી છલકાઈ હતી. વાપી મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2025-26 માં વેરા વસૂલાત ક્ષેત્રે નોંધપાત્ર સફળતા હાંસલ કરવામાં આવી છે.

માર્ચ માસમાં રૂપિયા 6.30 કરોડનો વેરો મેળવવા સાથે રૂપિયા 50.10 કરોડના નિર્ધારિત લક્ષ્યાંક સામે કુલ રૂપિયા 44.28 કરોડની વસૂલાત કરવામાં આવી છે. વાપી મ્યુનિસિપલ કમિશનર યોગેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ઘરવેરા વિભાગ દ્વારા લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે છેલ્લા 3 માસ સઘન વેરા વસૂલાત ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

આ ઝુંબેશને નાગરિકો દ્વારા પણ સારો સહકાર મળ્યો હતો. વાપી શહેર તથા સમાવિષ્ટ 11 ગામોના મિલકત ધારકોએ ઉત્સાહપૂર્વક વેરો ભરી પોતાની જવાબદારી પૂરી કરી હોવાથી તંત્ર દ્વારા તમામનો આભાર માનવામાં આવ્યો છે.

આ અંગે વાપી મનપાના નાયબ કમિશનર આસ્થા સોલંકીએ જણાવ્યું હતું કે ગત વર્ષ કરતાં રૂપિયા 7.42 કરોડની ટેક્સની વધુ વસૂલાત નોંધાઈ છે. વાપીના સર્વાંગી વિકાસને વેગ આપવા હેતુ વધુ આવક માટે ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ રાકેશ ઠક્કરની રાહબરીમાં ટેક્ષ ઈન્સ્પેકટરો દિપક ચભાડિયા, મેહુલ પટેલ, શુભમ પટેલ, ધર્મિન આહીર, કુણાલ પટેલ અને કર્મચારીઓની ટીમો બનાવી વિવિધ વિસ્તારોમાં નાગરિકોને વેરો ભરવા માટે પ્રોત્સાહિત કરવા સાથે નિયમોનુસાર દંડ અને કાર્યવાહી કરવામાં આવી હતી. કેટલાક મિલકતધારકોને ટેક્સ સમયસર ભરવા માટે સમજાવવામાં આવ્યા હતા. છેલ્લા 2 દિવસમાં 2066 લોકોએ રૂપિયા 1.44 કરોડનો વેરો ભર્યો હતો. સમગ્ર માર્ચ માસ દરમિયાન કડક કાર્યવાહીથી બચવા અને દંડ-વ્યાજમાંથી મુક્તિના આશયથી 11739 જેટલા નાગરિકોએ સ્વૈચ્છિક વેરો ભર્યો હતો. જ્યારે નિયમભંગ બદલ 662 રહેણાંક અને બિનરહેણાંક મિલકતોને સીલ કરવાની ફરજ પડી હતી.

### તા.1 થી 5 એપ્રિલ દરમ્યાન વેરાને લગતી તમામ કામગીરી બંધ રહેશે

વહીવટદાર ભવ્ય વર્માએ કરદાતાઓને પ્રોત્સાહિત કરવા આગામી જુન માસમાં નિયમિત અપાતાં શિક્ષણ ઉપકર સિવાયના 5% રીબેટ ઉપરાંત વેબસાઇટથી ઓનલાઈન વેરો ભરનારને 1% વધુ (કુલ 6%) વળતર આપવાની મંજૂરી આપી છે. જે વધારાના 1% વળતરનો લાભ માર્ચ-27 સુધી લઈ શકાશે. વધુમાં એક યાદીમાં જણાવાયું છે કે આગામી વર્ષ માટે સોફ્ટવેરમાં મેન્ટેનન્સની કામગીરી થનાર હોવાથી તા.1 થી 5 એપ્રિલ દરમ્યાન વેરાને લગતી તમામ કામગીરી બંધ રહેશે.

## ગણદેવામાં બે સંતાનના પિતાનો આર્થિક પરિસ્થિતિથી કંટાળી આપઘાત

બીલીમોરા : ગણદેવી તાલુકાના ગણદેવા ગામે રહેતા બે સંતાનોના પિતાએ આર્થિક પરિસ્થિતિથી કંટાળી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગત મુજબ ગણદેવી તાલુકાના ગણદેવા ગામે કેવડિયા ફળિયા ખાતે રહેતા કિરીટભાઈ શાંતિલાલ જોષી (ઉ. વ.૪૧) બે સંતાનોના પિતા ખાનગી નોકરી કરતા હતા. જેઓ છેલ્લા કેટલાક સમયથી આર્થિક પરિસ્થિતિ બગડતા હતાશ રહેતા હતા. અને આર્થિક ભીંસથી કંટાળી પોતાના ઘરમાં દોરડું વડે ગળે ફાંસો ખાઈ લીધો હતો. કિરીટભાઈને ગળે ફાંસો ખાધેલી હાલતમાં જોઈ તેના પરિવારજનોએ તત્કાલિક નજીકમાં આવેલી ટાંકલ સીએચસીમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરે તપાસી મૃત જાહેર કર્યા હતા. આ અંગેની તપાસ એ.એસ.આઈ અશોકસિંહ કરી રહ્યા છે.

## દક્ષિણ ગુજરાતમાં મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી



નવસારી, વાપી, વલસાડ, ઘેજ, બીલીમોરા : દક્ષિણ ગુજરાતમાં ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક નિમિત્તે આયોજિત મહોત્સવે ભક્તિ, સેવા અને સંસ્કારના રંગોથી ઝળહળાવી દીધું હતું. નવસારીમાં ભગવાન શ્રી મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ સમિતિ (ચાર ફિરકા) દ્વારા ભવ્ય સમાપન શોભાયાત્રા અને રક્તદાન શિબિર સાથે થયો હતો. વલસાડમાં મહાવીર સ્વામીના 2600 મા જન્મ કલ્યાણક મહોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. આ શોભાયાત્રામાં પ્રદેશ ભાજપ મંત્રી જૈન અગ્રણી સોનલ સોલંકી તેમજ પાલિકાના પ્રમુખ માલતી ટંડેલ ઉપસ્થિત રહ્યા હતા. બીલીમોરામાં લબ્ધિ વિક્રમ રાજ્યશસૂરી મ.સા.ના આજ્ઞાનુવર્તી સાધ્વીજી પ.શીતાન્સુયશાશ્રીજી મ.સા. તથા મોક્ષયશાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ઉજવણી કરાઈ હતી. ભગવાન મહાવીર સ્વામીનો શોભાયમાન રથ, પારણું તેમજ બીલીમોરાની દીકરી અને મુમુક્ષુ રત્ન રિયુ કુમારીની વર્ષીદાન યાત્રા ખાસ આકર્ષણનું કેન્દ્ર બની હતી. વાપીમાં ભવ્ય શોભાયાત્રા સાથે શ્રી રાજસ્થાન જૈન એકતા મંચ વાપી દ્વારા મહાપ્રસાદનું આયોજન જીઆઈડીસી ચાર રસ્તા ઓવરબ્રિજ નીચે કરવામાં આવ્યું હતું. ચીખલીમાં બેન્ડ-વાજા અને શરણાઈઓના સૂરો સાથે નીકળેલી શોભાયાત્રામાં ભગવાન મહાવીરની પ્રતિમાને ભવ્ય રથમાં બિરાજમાન કરવામાં આવી હતી. આ શોભાયાત્રા ચીખલી નગરના વિવિધ માર્ગો પર ફરી હતી.

# વાપીમાં વૃદ્ધાને મંત્રમુગ્ધ કરી બે ગઠિયા રૂપિયા 1.10 લાખના ઘરેણા સેરવી ગયા

**વાતોમાં** ભોળવી ચાંદીનું કડુ થેલીમાં મૂક્યુ અને તે બાદ માજીએ ઘરેણા ઉતારી આપ્યા

વાપી : વાપીના ભડકમોરા વિસ્તારમાં ધોળા દિવસે છેતરપિંડીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બે અજાણ્યા ગઠિયાઓએ એક વૃદ્ધાને વાતોમાં ભોળવી, મંત્રમુગ્ધ કરી તેમના સોનાના દાગીના ઉતરાવી લીધા હતા અને ઘરેણાને બદલે રેતી પધરાવી દઈ રૂપિયા 1.10 લાખની મતાની લૂંટ ચલાવી હતી.

વાપી ઉદ્યોગનગર પોલીસના જણાવ્યા મુજબ, ડુંગરાના મહાવીર નગરમાં રહેતા 62 વર્ષીય રાધાદેવી કશ્યપ ગત તા. 30-03-26ના રોજ સાંજે ભડકમોરા બજારમાં ખરીદી કરવા ગયા હતા. પરત ફરતી વખતે એક હિન્દી ભાષી યુવકે તેમને અટકાવી મુંબઈ જવાનો રસ્તો પૂછ્યો હતો. માજી તેને રસ્તો બતાવતા હતા ત્યારે જ બીજો એક યુવક ત્યાં આવી પહોંચ્યો હતો.

આ બંને શખ્સોએ માજીને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ગઠિયાઓએ ચાંદીનું એક કડું માજીના થેલામાં મૂક્યું અને ત્યારબાદ માજીએ પહેરેલું સોનાનું મંગળસૂત્ર તથા કાનની બુટ્ટીઓ ઉતરાવી લીધી હતી. આ કિંમતી ઘરેણા એક કાળા કપડામાં બાંધી માજીની થેલીમાં મૂક્યા હોવાનો ઢોંગ કરી, તક મળતા જ ઘરેણા સેરવી લીધા હતા અને ચાંદીનું કડું પણ પરત લઈ લીધું હતું.

છેતરાયા હોવાનો અહેસાસ થતા માજીએ પરિવારને જાણ કરી વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. માજીના જણાવ્યા મુજબ, બંને ગઠિયાઓ 25 થી 26 વર્ષના હતા, જેમાં એક પાતળો અને સફેદ શર્ટમાં હતો, જ્યારે બીજો મજબૂત બાંધાનો અને કાળી ટી-શર્ટમાં હતો. પોલીસે આ વર્ણનના આધારે ગઠિયાઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### પોટલીમાંથી દાગીનાને બદલે રેતી નીકળી

એક ગઠિયાએ માજીને વિશ્વાસમાં લેતા કહ્યું કે, તમારું મંગળસૂત્ર થેલામાં સુરક્ષિત છે, હું મિત્રને ચા પીવડાવીને આવું ત્યાં સુધી તમે અહીં જ બેસો. માજી કલાકો સુધી ફૂટપાથ પર બેસી રહ્યા, પરંતુ ગઠિયાઓ પરત ન આવતા તેમણે શંકા જતા થેલામાં તપાસ કરી હતી. કપડાની ગાંઠ ખોલતા જ તેમાંથી સોનાને બદલે રેતી નીકળતા માજીના હોશ ઉડી ગયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડી હાઇવે પર ડમ્પર પાછળ ભટકાતા બાઈક ચાલકનું મોત



પારડી : પારડી વિશ્રામ હોટલ સામે હાઇવે પર ક્ષતિગ્રસ્ત ઉભેલા ડમ્પર પાછળ બાઈક ચાલક યુવાન અથડાતા મોત નિપજ્યું હતું. પારડી વિશ્રામ હોટલ સામે વલસાડથી વાપી જતા ટ્રેક ઉપર ડમ્પર નંબર જી.જે. 16 એ.ડબ્લ્યુ. 3424 રેતી ભરી વાપી જઈ રહ્યુ હતુ. ત્યારે મળસ્કે સાડા ચાર વાગ્યાના સુમારે ડમ્પરના બંને ટાયરો ફાટતા રોડનસ સાઈડમાં પાર્ક કરેલુ હતુ. તે દરમિયાન સ્પોર્ટ બાઈક નંબર ટી.આર. 01 એ.ઝેડ. 7109 નો ચાલક પૂરઝડપે હંકારી લાવી ડમ્પર પાછળ ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેની જાણ થતા આસપાસના લોકો દોડી આવી 108 એમ્બ્યુલન્સને જાણ કરતા સ્થળ ઉપર આવી પહોંચી યુવાન બીરબ્રત બીશ્વજીત પૌલ (ઉં.33, રહે. ત્રિપુરા)ને વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. સમગ્ર ઘટના અંગે પારડી પોલીસ મથકે સંદીપ દુબે (રહે. ભરૂચ)એ ફરિયાદ નોંધાવી હતી. વધુ તપાસ પોલીસે હાથ ધરી છે. યુવાન બાઈક પર યાત્રા કરતો હોવાનું જાણવા મળ્યું છે.

### માલઘરમાં ખેડૂતનું ઘર આગમાં બળીને ખાખ



વલસાડ: કપરાડા તાલુકાના અંતરિયાળ સરહદી ગામ માલઘરના મોહુપાડા ફળિયામાં મંગળવારે એક હૃદયદ્રાવક ઘટના બની હતી. અહીં રહેતા ખેડૂત પિન્ટુભાઇ બાબુરાવભાઈ ગાલટના ઘરમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. ઉનાળાના આકરા તાપ અને પવનને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે ખેડૂતે મહામહેનતે બનાવેલું આખું ઘર નજર સામે જ બળીને ખાખ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ઘરમાં રાખેલું અનાજ, ઘરવખરી, ઘરઘંટી, કપડાં અને મહત્વના દસ્તાવેજો સહિત રોકડ રકમ સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગઈ હતી. સદનસીબે, આગ લાગી ત્યારે પરિવારના સભ્યો ઘરની બહાર હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. સ્થાનિક ગ્રામજનોએ એકઠા થઈ આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં બધું જ નાશ પામ્યું હતું. ઘટનાની જાણ થતાં ભાજપ યુવા મોરચાના મહામંત્રી ઈશ્વરભાઈ ઉદાર સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે તાલુકા પંચાયત પ્રમુખ હીરાબેન માહલા અને તલાટીને જાણ કરી, અસરગ્રસ્ત ખેડૂત પરિવારને તાત્કાલિક સરકારી સહાય મળે તેવી માંગ કરી છે.

### ઉમરગામના PIની બદલી થતા વિદાય સમારંભ




ઉમરગામ : ઉમરગામના પી.આઈ એસ.ડી ચૌધરીની બનાસકાંઠા જિલ્લામા બદલી થતા પોલીસ પરિવાર દ્વારા વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ઉમરગામ પોલીસ મથકના પીએસઆઇ વસાવા મેડમ, પીએસઆઇ સગર, પીએસઆઇ ચૌધરીએ જણાવ્યું હતું કે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં પીઆઇ ચૌધરીએ બે વર્ષ સેવા આપી છે. તેમના સમયમાં ક્રાઈમમાં ખૂબ ઘટાડો જોવા મળ્યો હતો અને મોટાભાગના ગુનાઓ ઉકેલવામાં સફળતા મળી હતી. તેઓની પોતાના વતન બનાસકાંઠા જિલ્લામાં બદલી થઈ હોય પરિવારની ખૂબ જ નજીક જઈ રહ્યા હોય શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે પત્રકારો, ઉદ્યોગપતિ સંતોષભાઈ રવેસીયા, દિલીપભાઈ ચંદન તથા રાજકીય આગેવાનો તથા પોલીસ કર્મચારીઓ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વિદાય લઇ રહેલા પીઆઇ એસ.ડી ચૌધરીએ ઉમરગામ ખૂબ સારું છે અને હંમેશા યાદ રહેશે એમ જણાવી સૌનો આભાર માન્યો હતો.

### ખેરગામ વાડના દરગાહ ફળિયામાંથી યુવતી ગુમ



ખેરગામ : ખેરગામ તાલુકાના વાડગામ, દરગાહ ફળિયામાં જીતેન્દ્રભાઈ ગમનભાઈ પટેલ (ઉં.50) પરિવાર સાથે રહે છે. તેમની પુત્રી હેની પટેલ (ઉં.22) ઘરેથી કોઈને જાણ કર્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી. પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરતા કોઈ પત્તો મળ્યો ન હતો. આ બનાવ અંગે પિતા જીતેન્દ્રએ ખેરગામ પોલીસ મથકમાં પુત્રી ગુમ થયાની જાણ કરી હતી.

### વાપી ટાઉન પોલીસે 15 મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત સોંપ્યા

વાપી : વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ગુમ અરજીઓ અંગેની ફરિયાદને ધ્યાને લઈ વાપી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેની સૂચના આધારે ટેક્નિકલ સર્વેલન્સ અને પોલીસ ટીમ દ્વારા 15 મોબાઈલ ફોન શોધી કાઢવામાં સફળતા મળી હતી. વાપી ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ કે.જે.રાઠોડ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમનું આયોજન કરી નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેના અધ્યક્ષ સ્થાને કુલ 15 મોબાઈલ ફોન (કિંમત આશરે 3,05,458) મૂળ માલિકોને પરત સોંપ્યા હતાં.

### વાપીમાં લાકડાના ડંડો લઈને ફરનારા બે ઈસમો સામે પોલીસની કાર્યવાહી

વાપી : વાપી ટાઉન પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એમ.જી.રોડ તથા ટાંકી ફળિયા માર્ગ ઉપર બે ઈસમો લાકડાનો ડંડો લઈને ફરતા જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધ્યો હતો. પેટ્રોલિંગ દરમિયાન એમ.જી. માર્ગ પર એક ઈસમ રામકુમાર જીતેન્દ્ર સીંગ (ઉં.27, રહે. એકલારા, નાહુલી, તા.ઉમરગામ) લાકડાનો ડંડો લઈને ફરતો હતો. જ્યારે વાપી ટાંકી ફળિયા માર્ગ ઉપર પણ લાકડાનો ડંડો લઈને ફરી રહેલ ઈસમ કિરણ બાબુભાઈ પટેલ (ઉં.38, રહે. વાપી ટાંકી ફળિયા)એ કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જાહેરનામા ભંગ બદલ બંને સામે વાપી ટાઉન પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વઘઇના પોલીસ ઇન્સ્પેક્ટર વિરલ ગઢવીને વિદાય અપાઇ




સાપુતારા : ડાંગ જિલ્લાના વઘઇ પોલીસ સ્ટેશનમાં કાર્યરત પોલીસ ઇન્સ્પેક્ટર વિરલ ગઢવીની અમદાવાદ ખાતે બદલી થતા, વઘઇમાં તેમનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે રાજકીય આગેવાનો, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, અગ્રણી વેપારીઓ અને સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિરલ ગઢવીએ વઘઇ પોલીસ સ્ટેશનમાં કાર્યકાળ દરમિયાન નિષ્ઠાપૂર્વકની કામગીરી અને કડક વહીવટ દ્વારા એક અલગ છાપ ઊભી કરી હતી. શરૂઆતના સમયમાં તેમને સ્થાનિક સ્તરે વિરોધનો સામનો કરવો પડ્યો હોવા છતાં, પોતાની કાર્યપ્રતિબદ્ધતા અને જનતા સાથેના સકારાત્મક વ્યવહારને કારણે તેઓ ટૂંક સમયમાં જ લોકવિશ્વાસ જીતવામાં સફળ રહ્યા હતા. વિદાય વેળાએ ભાવુક બનેલા વિરલ ગઢવીએ પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'કર્તવ્ય પથ પર જે મળે, આ પણ સાચુ એ પણ સાચું' પંક્તિ સાથે તેમણે પોતાની વ્યાવસાયિક સફરના અનુભવો વાગોળ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પી.આઇ. વી. કે.ગઢવીની પ્રજાલક્ષી સેવાઓની મુક્તકંઠે પ્રશંસા કરી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી.

### બીલીમોરાના દેસરામાં ટ્રેનની અડફટે વૃદ્ધનું મોત

બીલીમોરા : બીલીમોરાના દેસરા રેલ્વે વળાંક પાસેથી પસાર થતી ટ્રેન અડફેટે એક અજાણ્યો વૃદ્ધ આવી જતા તેને પહોચેલી ગંભીર ઈજાથી ઘટના સ્થળે જ વૃદ્ધનું કરૂણ મોત નિપજ્યું હતું. બીલીમોરા દેસરા વિસ્તારની રેલવે ટ્રેકના વળાંક પાસેના ઈલેક્ટ્રીક થાંભલા પાસેની ડાઉન લાઇન પરથી પસાર થતી કોઈપણ ટ્રેનની ટક્કર લાગતા એક ૭૫ થી ૮૦ વર્ષના અજાણ્યા વૃદ્ધનું કરુણ મોત નિપજ્યું હતું. મરનાર અજાણ્યો વૃદ્ધનો બાંધો પાતળો છે, ઊંચાઈ પાંચ ફૂટ પાંચ ઈંચ, રંગે ઘઉંવર્ણ, માથાના પાંચથી છ ઈંચ લાંબા સફેદ વાળ સાથે પાંચથી છ ઈંચ જેટલી લાંબી સફેદ દાઢી, બંદન ઉપર પીળા રંગની અડધી બાયની ટીશર્ટ જેના ઉપર અંગ્રેજી અક્ષરમાં More Vision More Hastle લખેલું છે. કમરે ગ્રે કલરની ટ્રેક પેન્ટ, તેની નીચે કાળા રંગનો બરમુડો પહેર્યો છે. બીલીમોરા રેલવે આઉટ પોસ્ટે ગુનો નોધી અજાણ્યા વૃદ્ધના વાલી વારસોને બીલીમોરા રેલવે આઉટ પોસ્ટના હેડ કોન્સ્ટેબલ કેશવભાઈનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવે છે.

### વલસાડના શિક્ષિકાને શત સુભાષિત પંડિતની પદવી



વલસાડ : ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા રાજ્યપાલના નિવાસસ્થાન રાજભવન ગાંધીનગરમાં રાજ્ય સ્તરીય સંસ્કૃત સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડની શાહ ખીમચંદ મુળજીભાઈ હાઈસ્કૂલના આચાર્યા જયશ્રીબેન ભગતને રાજ્ય કક્ષાએ શિક્ષણમંત્રી દ્વારા શત સુભાષિત પંડિતની ગરિમામયી પદવી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં. પ્રાચીન પરંપરા મુજબ જેમને ૧૦૦ સુભાષિતો કંઠસ્થ હોય તેમને 'પંડિત'ની ઉપાધિ આપવામાં આવે છે. આ યોજના હેઠળ યુનિવર્સિટી કક્ષાએ લેવાયેલ અત્યંત કઠિન કસોટીમાં જયશ્રીબેન ભગત ઉત્તીર્ણ થયા હતાં. રાજ્ય સરકાર અને સંસ્કૃત બોર્ડ દ્વારા આયોજિત આ સમારોહમાં જયશ્રીબેનને શત સુભાષિત પંડિતની પદવી સાથે રૂપિયા 21 હજારનું રોકડ પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કરાયા છે. શિક્ષણાધિકારી ડો. રાજેશ્રીબેન દ્વારા આ વર્ષે વલસાડ જિલ્લાના આચાર્ય સંઘ અધિવેશનમાં બહુવિધક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ બદલ સન્માન થયું હતું. તથા શાળાને જિલ્લા કક્ષાનો HHVR નો એવોર્ડ સાથે રૂપિયા 11000 પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે.

# ગણદેવી સુગરની બે દાયકાથી સૌથી વધુ ભાવો આપવાની પરંપરા યથાવત્

**ગણદેવી** સુગરનાં વર્તમાન પિલાણ સિઝનનાં ટનદીઠ શેરડીનાં ભાવ જાહેર

**નવેમ્બર,** ડિસેમ્બર ૨૦૨૫ અને જાન્યુઆરી ૨૦૨૬ના ૩૭૩૧, ફેબ્રુઆરી-૨૦૨૬ નાં ૩૮૩૧, અને માર્ચ-૨૬ નાં રૂપિયા ૩૯૩૧ ના ભાવ જાહેર કરાયા




બીલીમોરા : ગણદેવી સુગર ફેક્ટરીમાં મંગળવાર ડિરેક્ટર અભિષેક પટેલની અધ્યક્ષતામાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક મળી હતી. જેમાં સર્વાનુમતે શેરડીનાં વર્તમાન સિઝન ૨૦૨૫-૨૬ નાં ભાવો નક્કી કરાયા હતા.

ગણદેવી સુગર ફેક્ટરીનાં જયંતિભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ ડિરેક્ટર અભિષેક પટેલની અધ્યક્ષતામાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંગળવાર સાંજે બેઠક મળી હતી. સભામાં એકમાત્ર એજન્ડા વર્તમાન શેરડી પિલાણ સિઝનનાં ભાવો અંગે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. જેમાં તમામ ડિરેક્ટર્સે એકરાગિતાનો પરિચય કરાવી સર્વાનુમતે ભાવો નક્કી કર્યા હતા. જેમાં નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૨૫ નાં રૂપિયા ૩૭૩૧, જાન્યુઆરી ૨૦૨૬ના ૩૭૩૧, ફેબ્રુઆરી-૨૦૨૬ નાં ૩૮૩૧, અને માર્ચ-૨૬ નાં રૂપિયા ૩૯૩૧ ના ભાવો જાહેર કરાયા હતા. વિકાસ બચત પેટે રૂપિયા ૨૧ અને કાપણી વાહતુક માટે ગત સિઝનનાં રૂપિયા ૭૭૦ યથાવત રાખ્યા હતા. સભાપતિ અભિષેક પટેલે ગણદેવી સુગરની વર્ષો જૂની પરંપરાને અકબંધ રાખી હતી. સુગરના પીઢ અગ્રણી માજી પ્રમુખ જયંતિભાઈ પટેલ સહિત સુગર પરીવારનો આભાર વ્યક્ત કર્યો હતો. સભામાં રણજીતભાઈ પટેલ, અભિષેક પટેલ, રાજેશ ઉર્ફે રાજાભાઈ પટેલ, ગણપત ચૌહાણ, રતિલાલ પટેલ, અરુણ પટેલ, નટુભાઈ પટેલ, અમરત નાયક, મેહુલ પટેલ, મેનેજીંગ ડિરેક્ટર રાજીવકુમાર ગુપ્તા, ઓએસ મુકેશભાઈ પટેલ, સહિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા. આમ સતત બે દાયકાથી સૌથી વધારે સર્વોત્તમ ભાવો આપવાનો રેકર્ડ બરકરાર રહ્યો હતો. જેને કારણે ખેડૂતો, સભાસદો અને સમગ્ર સુગર પરિવારમાં આનંદ વ્યાપી ગયો હતો.

## વઘઈના ભરવાડ ફળીયામાં દીપડાએ વાછરડીનું મારણ કરતા ગ્રામજનોમાં ફફડાટ

સાપુતારા : વઘઈના ભરવાડ ફળીયામાં ગઈકાલે મોડી રાત્રે એક દીપડાએ ત્રાટકીને પશુપાલકના કોઢારમાં બાંધેલી વાછરડીનું મારણ કર્યું હતુ. સવારે જ્યારે પશુપાલક કોઢારમાં પહોંચ્યા ત્યારે વાછરડીને મૃત હાલતમાં જોઈ ચોંકી ઉઠ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. રહેણાંક વિસ્તારમાં દીપડાની હાજરીને પગલે નાના બાળકો અને પશુઓની સલામતીને લઈ વાલીઓ અને પશુપાલકોમાં ચિંતા વ્યાપી છે. સ્થાનિકો દ્વારા તાત્કાલિક વઘઇ વન વિભાગને જાણ કરવામાં આવતા વનકર્મીઓની ટીમ ઘટનાસ્થળે દોડી આવી પંચનામું કરી તપાસ હાથ ધરી હતી. માનવ વસાહત પાસે આવી ગયેલા આ દીપડાને વહેલી તકે પાંજરે પૂરવામાં આવે અને વિસ્તારમાં રાત્રિ દરમિયાન સતત પેટ્રોલિંગ વધારવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી કોઈ જાનહાનિની ઘટના ન બને એવી વઘઈના રહીશોએ વન વિભાગ પાસે માંગ કરી છે.


**અનાવિલ અવસાન**



દિલગીર સાથે જણાવવાનું કે અમારા સ્વજન શ્રી અલ્કેશભાઈ હર્ષદભાઈ દેસાઈ (રહે. ખડકી ભાગડા, વલસાડ) નું તા.૩૧/૦૩/૨૦૨૬ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમની અંતિમ યાત્રા તા. ૧/૦૪/૨૦૨૬ને બુધવારના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે તેમના નિવાસસ્થાનેથી નીકળશે. પ્રભુ સદગત આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

શ્રી અલ્કેશભાઈનું સંયુક્ત બેસણું તેમના નિવાસસ્થાને દેસાઈવાડ, ખડકી ભાગડા, વલસાડ મુકામે તા.૪/૦૪/૨૦૨૬ને શનિવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે. (લૌકીક રિવાજ બંધ છે).

લી. શોકાકુલ

રાખી અલ્કેશ દેસાઈ (પત્ની) — માલવ અલ્કેશ દેસાઈ (પુત્ર)
જતીન હર્ષદભાઈ દેસાઈ (ભાઈ) — ઈશાની માલવ દેસાઈ (પુત્ર વધુ)
કામીની જતીન દેસાઈ. — અવી જતીન દેસાઈ (ભત્રીજો)
બીનાબેન હીતેનભાઈ દેસાઈ (બહેન) — બીજલબેન રીપનભાઈ દેસાઈ (બહેન)

શ્વસુર પક્ષ

જયેશભાઈ મનુભાઈ દેસાઈ — તુષાર સુરેશચંદ્ર દેસાઈ — પંકજ સુરેશચંદ્ર દેસાઈ

ખડકી ભાગડા, વલસાડ

**શ્રદ્ધાંજલિ**



અમારા પરિવારના નિકટના સભ્ય અને સ્વજનભાઈ શ્રી અલ્કેશભાઈ હર્ષદભાઈ દેસાઈ (રહે. ખડકી ભાગડા, વલસાડ)નું તા.૩૧/૦૩/૨૦૨૬ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું પ્રેમાળ અને લાગણીશીલ વ્યક્તિત્વ, સેવા અને પરોપકાર ની ઉમદા ભાવના અને હિંમતપૂર્વક સુખ દુઃખમાં સાથે રહેવાની તત્પરતા હમેંશા યાદ રહેશે.

તેમની અંતિમ યાત્રા તા. ૧/૦૪/૨૦૨૬ને બુધવારના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે તેમના નિવાસસ્થાનેથી નીકળશે. પ્રભુ સદગત આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

મલ્કુ તથા ગૌરવ પંડ્યા, વલસાડ — રાજેશભાઈ ભરૂચા, વલસાડ
પર્લ તથા જેમ્સ હેમ્ફી, લંડન — રોહીતભાઈ પટેલ, વલસાડ

**હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ**

HeroHousing Finance

સંપર્ક સરનામું: શોપ નં. ૩, બીજો માળ, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. ૧૧૫/૧, પૈકી પ્લોટ નં-૧, નવસારી, ગુજરાત. પિન - ૩૯૬૪૪૫.
રજિસ્ટર્ડ ઓફિસ: ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭.
ફોન: ૦૧૧ ૪૯૨૬૭૦૦૦, ટોલ ફ્રી નં: ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦, ઇમેઇલ: customer.care@herohfl.com
વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે વંચાણે લેતા પરિશિષ્ટ IV મુજબ)

જેમ કે, અધોહસ્તાક્ષરિત હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી હોવાને નાતે 'સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨' હેઠળ અને કલમ ૧૩(૧૨) સાથે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તાની રૂએ, નીચે જણાવેલ લેણદારોને નોટિસની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવી દેવા માટે માંગણી નોટિસ જારી કરી હતી.
લેણદાર રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી લેણદારને ખાસ કરીને અને સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરિતે સદરહુ કાયદાની કલમ ૧૩(૪) સાથે વંચાણે લેતા સદરહુ નિયમોના નિયમ ૮ હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે.
ખાસ કરીને લેણદાર અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડના નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજ, દંડકીય વ્યાજ, ખર્ચ વગેરેના બોજાને આધીન રહેશે.
સિક્યોર્ડ એસેટ્સ છોડાવવા માટે ઉપલબ્ધ સમય મર્યાદાના સંદર્ભમાં લેણદારનું ધ્યાન સદરહુ કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| લોન એકાઉન્ટ નંબર | જવાબદાર વ્યક્તિ(ઓ) / વારસદાર(ઓ) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ) ના નામ | માંગણી નોટિસની તારીખ / માંગણી નોટિસ મુજબની રકમ | કબજાની તારીખ (સાંકેતિક/ વાસ્તવિક) |
|---|---|---|---|
| HHFNVSHOU 22000030654, HHFNVSIPL 22000030657 | મહેબૂબ ઈશાભાઈ ખટીક, મહેમૂદભાઈ ઈશાભાઈ ખટીક, રુકસાર મહેબૂબભાઈ ખટીક | ૦૯-જાન્યુ-૨૦૨૬ રૂ. ૨૨,૭૩,૦૩૨/- (૦૮-૦૧-૨૦૨૬ના રોજ બાકી) | ૨૮.૦૩.૨૦૨૬ (સાંકેતિક) |

સિક્યોર્ડ એસેટ્સ / સ્થાવર મિલકતોનું વર્ણન:- સ્થાવર જમીનનો તમામ હિસ્સો અને પાર્સલ, જેનો પ્લોટ નંબર ૧૩ છે, મ્યુનિસિપલ રજિસ્ટર્ડ હાઉસ નંબર ૨૬૭૯/૦ અને ૨૬૮૦/૦ મુજબ, જેનું ક્ષેત્રફળ ૬૫.૦૦ ચોરસ મીટર એટલે કે ૭૦૦.૦૦ ચોરસ ફૂટ છે. ગ્રાઉન્ડ ફ્લોર આશરે ૫૫.૭૬ ચોરસ મીટર અને પ્રથમ માળ આશરે ૫૧.૯૩ ચોરસ મીટર, કુલ આશરે ૧૦૭.૬૯ ચોરસ મીટર. જે જમીન રેવન્યુ સર્વે નંબર ૧૬૩/૫ પૈકી, નવા સર્વે/બ્લોક નંબર ૭૨૪૯, પ્લોટ નંબર ૧૩ (જૂનો) પર આવેલી છે, મોજે ગામ વિજલપોર, તાલુકો: જલાલપોર, સબ ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ: નવસારી, ગુજરાત રાજ્ય. ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખેલ સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની ચતુર્દિશા: પૂર્વ: જમીન, પશ્ચિમ: ૧૦.૦૦ ફૂટનો રોડ, ઉત્તર: પ્લોટ નંબર ૧૪, દક્ષિણ: પ્લોટ નંબર ૧૬.

તારીખ: ૦૧-૦૪-૨૦૨૬ — સહી/- અધિકૃત અધિકારી
સ્થળ: નવસારી — હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ વતી